સતાં-ભટીઆણી

નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

ધી કરાચી દેશી પુષ્કરણા બ્રાહ્મણ મિત્ર મંડળ માટે

રચનાર

રાવલ ઈશ્વરલાલ નાગરદાસ ઊનાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

થરદાસ હરજીમલ ઓઝા.

વિક્રમાર્ક ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૪

કરાચી:-

પ્રવાસી પ્રેસમાં હીરજી ગોવીંદજીએ છાપ્યું.

આવૃતિ પહેલી. પ્રત ૧૦૦૦

મુલ્ય બે આના.

અર્પણ પત્રિકા.

સ૦ રા૦ સ્વર્ગવાશી કુકાણી હેમનદાસ નંદરામ,

આપે થોડી ઉમ્મરમાં સદ્‌કાર્યો કરી પોતાના નામને
ઉજ્વળ કરી અમર કીર્તિ મેળવી સર્વે સજ્જનવૃંદને
આભારી કરેલ છે દરેક ધર્મના કાર્યોમાં આપની
મનોવૃતિ વિશેષાંશે હેવાથી આપની કીર્તિ
અમર પ્રસરી ગયેલ છે આવાં આવાં આપના
સદ્‌કાર્યોની પ્રસંશા અમો સાંભળી છે
અને તે સત્યજ છે તેમ જાણી આ ન્યુતન
નાટક આપના સ્મર્ણાર્થે સજનબાજની
સેવામાં અર્પીએ છીએ અને પ્રભુ
પાસે માગીએ છીએ કે આપના
આત્માને શાન્તિ આપો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી દેશી પુષ્કરણા બ્રાહ્મણ મિત્ર મંડળી
કરાચી.

પ્રસ્તાવના.

પ્રસ્તુત નાટકનું મુળ ઇતિહાસમાંથી લેવામાં આવ્યું છે, સતી ભટીઆણીને તેના શિયળના રક્ષણ ખાતર બહાદુર કુલાજીએ જે પરાક્રમો બતાવેલ છે તે જગ પ્રસિધ્ધ છે ઉકત ઐતિહાસીક ઘટનાને આધારેજ આ નાટક લખાયલું હોવા છતાં સર્વથા ઐતિહાસિક દ્રષ્ટિથી લખવામાં આવ્યું નથી કિંતુએ ઐતિહાસિક ઘટના સાથે વિશેષાંશે કલ્પના સૃષ્ટિનું મિશ્રણ કરેલું હોવાથી તેમાંની થોડી ઘણી વાતો કલ્પિત કહેવામાં આવે તેમાં કોઇપણ પ્રકારનો વાંધો નથી આભાસ દેખાડવાનું કારણ એ કે પ્રહસન (કોમિક) વિભાગમાં વર્તમ ન સમયની જે સંપૂર્ણ છટા દેખાયછે તેમાં અને મુખ્ય નાટ્ય વસ્તુમાં પ્રેક્ષકોને સમય વિરોધનો ભાસ ન થાય.

પ્રસ્તુત નાટક લખવાનો મારો પ્રથમ પ્રયત્નછે આ પ્રયાસ વખતે તેમાં મને કેટલીક અડચણો નડી તે જણાવવાની ખાસ આવશ્યકતા છે તેથી જણાવું છું. જ્યારે હું પ્રયોગ લખવા બેસતો તે વખતે મને કોઇપણ બહારના માણસો જોતા ત્યારે તેઓ તરફથી એવોજ ઉત્તર મળતો કે તું શાને કાગળો લખી બગાડે છે અમોએ પણ લખી લખી ચોપડાઓ ફાડી નાંખ્યા તારે પણ તેમજ કરવું પડશે તે છતાં મેં મારૂં કાર્ય ચલાવવા માંડયું આથી પણ તેઓ શાંન્ત ન થયા અને ઘણીવાર મારા સુરભ્મી વડીલ બંધુ રવીશંકર નાગરદાસને કહેવા લાગ્યા અને ભલામણો પણ એવીજ કરવા લાગ્યા કે મારી કરેલી મહેનત

પાંણીમાં જાય પણ મારા વડિલ બંધુ તેવા ન હતા તેઓ શ્રી સરવેની વાતો સાંભળી લઇ મારા કાર્યમાં અડચણ ન કરતા પણ આ કાર્યમાં મને આનંદ ઉપજે તેવી યોજના કરતા તેઓ શ્રી નો મારા પર જે પ્રેમ છે તેનું વર્ણન કરવાને હું અસમર્થ છું મારા પિતાશ્રી નાગરદાસ દેવલોક પામ્યા પછીથી પણ મને કોઇપણ બાબતથી અસંતોષ મારા વડિલ બંધુ તરફથી મળ્યો નથી. ટુંકામાં હુ એટલુજ કહીશ કે મારા ભવિષ્ય સુધારક સુજ્ઞ વડિલ બંધુ રવિશંકર નાગરદાસનો સદાય વિજય થાઓ.

વાંચકવૃંદ તારે આ વાંચી એમ ન સમજવું કે આ બાબત નકામી છે આ સુચના કરવાની જરૂર એટલીજ છે કે તારા ઘરમાં કોઈપણ માણસ લેખક તરીકે કામ કરવા ઈચ્છે તો તેને નાઉમેદ ન કરતાં મારા વડિલ બધુનો દાખલો લેજે બસ એજ.

આ પ્રયોગની અંદર કોઇપણ પ્રકારની ન્યુનતા દ્રષ્ટિ ગોચર થાય તો તેને ક્ષમા દ્રષ્ટિથી નિહાળી પ્રેક્ષકો પોતાની ઉદાર વૃતિનો પરિચય કરાવશે જે પરમ દયાળુ પરમાત્માએ આ નાંટકને પ્રેક્ષકો સમક્ષ રંગ ભુમીપર મુકવાનો યોગ સિદ્ધ કરી આપ્યોછે. તે જગતનિયંતા પરમાત્માનો અંતઃકરણ પૂર્વક આભાર માનીને અને પ્રયત્નમાં વિજયની આશા રાખીને મારી પ્રસ્તાવનાને હું અહીંજ સમાપ્ત કરૂં છું.

કરાચી તા. ૧૩મી નવેમ્બર ૧૯૧૩.
સંવત ૧૯૭૦ કાર્તીકી પુર્ણીમા વાર ગુરૂ.

લેખકઃ રાવળ ઇશ્વરલાલ નાગરદાસ.

સતી-ભટીઆણી નાટકનાં પાત્રો.

હરીસીંહ—જેસલમીરનો રાજા ભટીઆણીનો પિતા
ભટીઆણી—હરીસીંહની પુત્રી અને વિજયસીંહની પત્નિ
ચપળા } ભટીઆણીની સખીઓ
વિમળા }
સોમશર્મા—હરિસીંહનો પ્રધાન
સુરજમલ—રાજ્ય બારોટ
સુમતી—સુધરેલ પંક્તિની બાનુ, મરહુમ ઉર્ફે કસ્તુરચંદની દીકરી અને રમણચંદ્રની સ્ત્રી
રમણચંદ્ર—ઘર જમાઇ તરીકે રહેલ સુશીલ વાણીઓ
કસ્તુરચંદ ઉર્ફે મરહુમ—સુધરેલા જમાનાનો એક શ્રીમંત વાણીઓ
વિજયસીંહ—જોધપુરનો રાજા, ભટીઆણીનો પતી
વિદ્યાચંત—વિજયસીંહનો પ્રધાન
કલોજી—વિજયસીંહનો બહાદુર સેનાધીપતી ભટીઆણીનો જામીનગાર
રસીકચંદ્ર—રમણચંદ્રનો મિત્ર અને મદદગાર
સોમચંદ—એક વણીક ગ્રહસ્થ
ઔરંગઝેબ—દીલ્લીનો બાદશાહ
રામસીંહ—ક્ષત્રીઓનો પટાવત
તારા—હરીસીંહના પટાવત ચંદ્રસેનની પુત્રી પાછળથી કેશરીસીંહની પત્નિ
કેશરીસીંહ—હરીસીંહનો પાટવી કુમાર
ફેશનમલ—એક સુધરેલ ગ્રહસ્થ મરહુમનો મીત્ર
કાળુખાં—બાદશાહના થોડા લશ્કરનો ઉપરી પટાવત
રણમલ—વિજયસીંહનો હજુરી

તે સીવાય ચોપદારો, સીપાઇઓ, દાસીઓ, બાળાઓ, **વજીર**, **મહાજન, દરબારીઓ વીગેરે વીગેરે.**

સતી—ભટીઆણી

નાટકનો ટુંક સાર.

નાન્દિ.

પ્રવેશ ૧—જેસલગીરના રાજા હરીસીંહનો બગીચો. હરીસીંહની પુત્રી ભટીઆણીએ શીવરાત્રીનો દીવશ હોવાથી બગીચામાં શંકરના પુજનાર્થે આવવું, લગ્ન સબંધી વાત નીકળવી, તે વખતે એક સખીએ નૌરોજની વાત જણાવવી, ભટીઆણીએ નૌરોજા માટે તીરસ્કાર બતાવવો, ને નૌરોજામાંથી બચાવે તેવો પતી મળે તોજ પરણુવા વિચાર નહીં તો કુંવારી રહી જીંદગી ગાળવા દ્રઢ નીશ્ચય કરવો

પ્રવેશ ૨જો—મહારાજા હરીસીંહની ખાનગી કચેરી, હરીસીંહે પુત્રી ભટીઆણીને બોલાવી લગ્ન સબંધી પુછવું, ભટીઆણીએ પોતાની પ્રતીજ્ઞા જણાવવી, રાજાએ ખુશી થવું પોતાના બારોટ સુરજમલને બોલાવી પુત્રી ભટીઆણીની પ્રતિજ્ઞા જણાવવી ને તેવો રાજા મળે તો લગ્નની હા કહેવી એમ સુચવવુ બારોટે દેશોદેશ જોવા નીકળવું.

પ્રવેશ ૩જો—સુધરેલ કસ્તુરચંદ ઉર્ફે મરહુમનું ઘર. ફેશનમાં ઉન્મત થયેલ સુમતીના નઠારા વીચારો તેના પતી રમણચંદ્રનું આવવું હુકમ વગર રૂમમાં દાખલ થવાથી સુમતીએ ગુસ્સે થવું ને તેના પીતાને બોલાવી રમણચંદ્રને ઘરમાંથી કઢાવવો.

પ્રવેશ ૪થો—રસ્તો. સુરજમલ બારોટે દેશોદેશ જોવા પણ કોઇ ક્ષત્રી વીર ન મળવાથી છેવટે જોધપુર તરફ જવું જે ત્યાંથી પણ ક્ષત્રી વીર ન મળે તો પોતે જેસલગીર ન જવા વીચાર કરવો.

પ્રવેશ ૫મો—જોધપુરની રાજ્ય કચેરી. જેસલગીરથી મોકલાવેલ બારોટ સુરજમલનું આવવું રાજા વીજયસીંહને ભટીઆણીની પ્રતીજ્ઞાથી વાકેફ કરવો રાજાએ પ્રતિજ્ઞા પ્રમાણે વરતવા જણાવવું બારોટે જામીનગીરી માગવી રાજાએ કલાજીને જામીનગીરી આપવા કહેવું કલાજીએ જામીનગીરી આપવી બારોટ સાથે કલાજીએ ખાંડું લઇ જેસલગીર જવા તઇયાર થવું.

પ્રવેશ ૬ઠો—રસ્તો. રમણચંદે ગ્રહસ્થાશ્રમ તજવા વીચાર કરવો તેના મિત્ર રસીકચંદ્રનું આવવું રમણચંદ્રને સમજાવી સ્ત્રી સુધારવા કોશીશ કરવા સુચવવું રમણચંદે બેંગાલી લેબાસમાં રહી સ્ત્રી સુધારવા વીચાર મો૦ મરહુમનું આવવું પઇસા ખુટવાથી ઘર વેચવા વીચાર સોમચંદ શેઠે આવી મરહુમ પાસેથી ઘર ખરીદ કરવું.

પ્રવેશ ૭મો—બાદશાહ ઔરંગજેબની રાજ્ય કચેરી. ઔરંગજેબે પોતાનાં વખાણ કરી ક્ષત્રીઓને કમખેડવા તેવામાં વીર ક્ષત્રી રામસીંહે બાદશાહ પ્રત્યે ક્ષત્રીઓનું માથું કપાયા છતાં પણ વેર લે છે તે વાત જણાવવી બાદશાહે હસી કાઢવું

રામસીંહે સત્ય કરી બતાવવા કહેવું બાદશાહે કોપાયમાન થઈ રામસીંહને મારી નાંખવા હુકમ કરવો રામસીંહને બંદુક વાગવી રામસીંહે પોતાની તરવારથી બંદુક મારનાર સીપાઈને ઠાર કરવો બાદશાહે આશ્ચર્ય થવું.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧લો—રાજા હરીસીંહનો રાજ્ય મહેલ. બારોટ ન આવ્યાથી રાજાએ અફસોસ કરવો બારોટ સાથે કલાજીનું આવવું રાજાએ હર્ષથી પુત્રી ભટીઆણીને ખાંડા સાથે મોકલાવવી ભટીઆણીએ કલાજી પાસેથી નાગીનગીરી ખત લખાવી લેવું.

પ્રવેશ ૨ જો—રાજ્ય મહેલનો એક ભાગ. તારા અને કુમાર કેશરીસીંહનો પરસ્પર પ્રેમ બન્નેએ સાથે જોડાવા વીચાર.

પ્રવેશ ૩ જો—મી૦ મરહુમનું ઘર. સુમતીએ પુનઃલગ્ન કરવા વીચાર રમણચંદ્રે બાબુ લેબાસમાં આવી સુમતીને છેતરી તેની સાથે પ્રેમ જોડવો અને પુનઃલગ્ન માટે સંમતી આપવી.

પ્રવેશ ૪થો—બાદશાહ ઔરંગજેબનો ખાનગી ઓરડો. બાદશાહે નારોજી પાસે આવવાથી દરેક રાજ્ય રજવાડાને પત્રો મોકલાવવા હુકમ કરવો વજીરે તે પ્રમાણે કરવું.

પ્રવેશ ૫ મો– મીં૦ મરહુમનું ઘર મીં૦ મરહુમે સુમતીની મતીઅનુસાર બાળુ સાથે પુનઃલગ્ન કરી દેવા ઠરવે સુધારકોનો આનંદ.

પ્રવેશ ૬ ઠો—રાજ્ય મહેલનો એક ભાગ. કેસરીસીંહ અને તારાએ સંકેત મુજબ મળવું બંનેનો હાસ્ય વિનોદ

પ્રવેશ ૭ મો—જોધપુરના રાજા વિજયસીંહનો રાજ્યમહેલ. ભટીઆણી અને વિજયસીંહનો પ્રેમ વિનોદ બાદશાહના મોકલાવેલ અનુચરનું આવવું વિજયસીંહને પત્ર આપવો રાજાએ ભટીઆણીને ન મોકલાવતાં પોતેજ જવા પ્રુચવવું અનુચરે જવું બાદ કલાજીને બોલાવી રાજ્યની ભલામણ કરવી ને વખત આવે ને મ્હોરછાપ વાળો પત્ર આવે તો છુપી રીતે ભટીઆણીને સાથે લઈ દીલ્લી આવવા સુચવવું ને પોતે દીલ્લી તરફ જવું.

પ્રવેશ ૮ મો—ઔરંગઝેબનો ખાનગી આવાસ ઔરંગઝેબને તેના અનુચરે આવી વિજયસીંહ પોતે આવેછે તેવા સમાચાર આપવા બાદશાહે ગુસ્સે થઈ કણુબને લશ્કર આપી વિજયસીંહને કેદ કરી દીલ્લી લાવવા હુકમ કરવો ને ભટીઆણીને તેડાવવા હુકમ સંભળાવવા માટે પણ ભલામણ કરવી.

પ્રવેશ ૯ મો—નિબિડ અરણ્ય. વિજયસિંહેજ ગલમાં આવવું થાક લાગતાં આરામ લેવા બેસવું કણુબએ લશ્કર સહ આવવું વિજયસીંહને કેદ કરવો બાદશાહનું ફરમાન વિજયસીંહ

ને સંભળાવવું. વિજયસીંહે સમયસુચકતા વાપરી કલાજીપર પત્ર લખી રણમલ સાથે મોકલાવવો કાળુખાંએ વિજયસીંહને કેદી હાલતમાં દીલ્હી લઈ જવા હુકમ કરી લડાઇ તેમાં વિજય-સીંહ કેદ થવું.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧લો—મરહુમનું ઘર. મહાજને ભેગા થઈ મરહુમને નાતબાર કરવા વિચાર રમણચંદ્રે સમયવર્તી પોતે જાહેર થવું મરહુમપર કેશ કરવા જણાવવું મરહુમ અને સુમતીનો પસ્તાવો રમણચંદ્રે પોતાનો કરેલ પ્રપંચ જાહેર કરવો સરવેની ખુશાલી ફેશનપર તીરસ્કાર પોતાની અસલી રૂઢીનો સત્કાર કરવો.

પ્રવેશ ૨જો—જોધપુર રાણી આવાસ. પતીના વિયોગ પછીથી ભટીઆણીને ખોટાં ખોટાં સ્વપ્નો આવવાં આથી તેનું મન ચિન્તાતુર થવું દીલ્હીથી મોકલાવેલ રણમલનું આવવું ભટીઆણીએ પતીની સહાય કરવા કલાજીને બોલાવી લશ્કરની ગોઠવણ કરી દીલ્હી તરફ જવું.

પ્રવેશ ૩જો—મહેલનો એક ભાગ. કેશરીસીંહનો તારા પર પ્રેમ જોઇ હરીસીંહે બન્નેનો હસ્ત મેળાપ કરી દેવો જોધપુરથી રણમલે આવી હરીસીંહને સરવે બીના કહેવી હરીસીંહે

કેશરીસીંહને લશ્કર આપી દીલ્લી કલાજીને સાહ્ય કરવા મોકલાવવો.

પ્રવેશ ૪થો--બાદશાહનો છુપો મહેલ. ભટીઆણીને દગાથી મહેલમાં દાખલ કરી દેતી બાદશાહનું આવવું ભટીઆણી પાસે પ્રેમ માગણી રજુ કરતાં તીરસ્કાર કરવો બાદશાહે એક દીવસનો વાયદો કરી કાળુખાંને ચોકીપર નાખી ચાલ્યા જવું ભટીઆણીએ કલાજીપર પત્ર લખી દાસી સાથે મોકલાવવો.

પ્રવેશ ૫મો—કલાજીની છાવણી. કલાજી પાસે ભટીઆણીની દાસીએ આવી પત્ર આપવો કલાજીએ દાસીના કપડાં પહેરી ભટીઆણી પાસે જવા તઇયારી કરવી સૈન્યની ભલામણ કુમાર કેશરીસીંહને કરતા જવી.

પ્રવેશ ૬ઠો--બાદશાહનો ખાનગી આવાસ. બાદશાહે વિજયસીંહને બોલાવી ભટીઆણીને સમજાવવા સુચવવું વિજયસીંહે ગુસ્સામાં આવી બેડીઓ તોડી નાંખી કલાજીના લશ્કરમાં જઇ મળવું.

પ્રવેશ ૭મો--બાદશાહનો ખાનગી મહેલ. પોતાનું આપેલ વચન પળવા કલાજીએ છુપી રીતે બાદશાહના મહેલમાં દાસીના વેષથી દાખલ થવું બાદશાહે ચોકીપર રાખેલ કાળુખાંએ ભટીઆણીપર આશક થઇ પ્રેમ માગણી કરવી પણ ભટીઆણીએ તેને ધીટકાર આપવો છેવટે બળાત્કાર કરવા

જવું કલાજીએ પ્રગટ થઇ કાલુખાંને ઠાર કરવો ભટીઆણીને દાસીનાં કપડાં પહેરાવી પોતાની છાવણી તરફ વીદાય કરવી બાદશાહનું આવવું કૃતીમ ભટીઆણીએ બાદશાહને દીવાનો બનાવવો સમય જોઇ કલાજીએ પ્રગટ થઇ બાદશાહના ઉપર કટાર લઇ ચડી બેસવું બાદશાહે માફી માગવી કલાજીએ ફરી દગો ન કરવા સુચવી પોતાના લશ્કરમાં જઇ મળવું ઓરંગજેબે કાલુખાંનું ખુન થયેલ જોઇ વધારે ઉશ્કેરાઇ કલાજીના લશ્કરપર તુટી પડવા હુકમ કરવો.

પ્રવેશ ૮મો--નિબિડ અરણ્ય. કલાજીના અને બાદશાહના લશ્કરની ખુનખાર લડાઇ બાદશાહની હાર કલાજી શરણ થવું કલાજીએ તાંબાપત્રપર નોરોજા બંધ કરવા માટે લખાવી લેવું બાદશાહે તલવાર કલાજીને અનાયાત કરવી સઉએ પોત પોતાના વતનપર જવું.

પ્રવેશ ૯મો—રાજ્ય મહેલનો એક ભાગ. વિજયસીંહ અને ભટીઆણીનો પ્રેમ વીનોદ બાદ કેશરીસીંહ અને તારાનો વીનોદ.

પ્રવેશ ૧૦મો—ભવ્ય રાજસભા. વિજયસીંહે સરવેને ધન્યવાદ આપવો અને કલાજીને એકએકને એક ગામ બીજા પણ સરદારો અને ઘટતુ ઈનામ આપવુ સરવેનો આનંદોત્સવ. પૂર્ણાહુતી.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

श्री गणेशाय नमः

સતી-ભટીઆણી

નાટકનાં ગાયનો.

(મંગલાચરણ.)

સુત્રધાર-બાળાઓ 1

જય મહેશ વિશ્વાધાર,
મંગલકર શ્રી ત્રીપુરાર.
પ્રાણતપાલ હે કૃપાલ,
કૃતિગતીનો નાવે પાર;
અજર અમર કૃતાંત કાલ,
વંદન વીભુ મદનમાર.—જય મહેશ.
ભકતો તણા પાલનહાર,
અખીલ વિશ્વના આધાર;
સાહ્ય થાઓ શ્રી મોરાર,
અશરણ શરણ જગદાધાર.—જય મહેશ.

નટી-બાળાઓ 2

સુખ શાન્તિ આપો પ્રભુ હિંદમાં સદાય;
થાય વીરો ધર્મ ધારી, વિજયી વર દાય—સુખ શાન્તિ.

નેકી ટેકી રાખી વીરોએ, ધારણ ધારી ધીર ધીરોએ;
અંતે પામી સુખ થયા દેવ વર દાય—સુખ શાન્તિ.
અમર નામ અવિચળ ધારીયાં, કાર્યો સર્વેનાં દેવોએ સારીયાં;
વાહ પ્રભુ ધન્ય ધન્ય છે મહા કાર્ય—સુખ શાન્તિ.
નવિન પ્રયોગ પ્રભુ પાર તું ઉતારજે, આશરો તમારો ઇશ બાળો
ઉધારજે;
વિનતી અમારી ધારી થા પ્રભુ તું સાહ્ય—સુખ શાન્તિ.

ભટીઆણી-સખીઓ 3

જય શીવ ઓમકારા હર શીવ ઓમકારા,
ગંગાધર ગીરજાધર ઇશ્વર ઓમકારા—
હર હર હર મહાદેવ.
નંદી વાહન ખગ વાહન શીવ ચક્ર ત્રીશુળ ધારી,
ત્રીપુરારી મોરારી કર કમળા ધારી,
હર હર હર મહાદેવ.
હરી હર એક સ્વરૂપ અંતર નવ ધરશો,
ભોળા શંકરને ભજતાં ભવસાગર તરશો.
હર હર હર મહાદેવ.

ભટીઆણી-સખીઓ ૪

વાલા મારા હ્રદય શ્રંગાર હાર,
બનું બનું અલિ સારીકા વાલમા,
હ્રદય વૃતિ ચિત્ત પિયુમાં તણાય,
ખીલે નાચે પ્રફુલ્લ સરોજ આ—વાલા મારા.

ભટીઆણી ૬

મુગલ સત્તા છે સહુ પરે નૌરાજાનો રિવાજ;
શીયળ ભ્રષ્ટ પાપી કરે, તેથી બચાવે આજ.
નથી વરવાની વાત મારા દીલમાં પિતા,
સાંભળો સ્નેહી પિતા તેનાથી સારી ચિતા—નથી વરવાની.
મળેજો ક્ષત્રી ઉગારનાર જાળ થકી,
અર્પીશ પુષ્પમાળ દેવોની સાક્ષી થકી—નથી વરવાની.
પણ છે એવું મારૂં જ્ઞાન હૃદયથી ધારૂં,
મળશે પુત્રીને પ્યારા પિતા સુખ શાતા—નથી વરવાની.

સુમતી ૭

કેવી ફેશનની બહાર મન ગમતી મોજે ઉડાવો દીલદાર
નારી સ્વતંત્ર છે નારી સ્વતંત્ર છે,
સ્વતંત્રતામાં સમાયેલો સાર—કેવી ફેશનની.
પુરૂપ ત્રણ માત્ર છે શીક્ષાને પાત્ર છે,
ગુલામ બનાવી નમાવું આવાર—કેવી ફેશનની.
ન માને કંથજી સીધો છે પંથજી,
પુનઃલગ્ન કરવાને તઇયાર—કેવી ફેશનની.

૮

રમણચંદ્ર—વચન વિચારો નારી સુમતી સુધારો પ્યારી,
વિરહી પ્રેમીને હાર જો.
દુરમતી દુર કરી સ્નેહને સંભારો પ્યારી,
વ્હાલી નહીં પ્રેમીને વીસાર જો—વચન વિચારો.

સુમતી——નથી લાયકાત આપનામાં આવી છે,
બધી જીંદગી મેં ધુળમાં મેળવી જો,
વિચારી વિચારી જો શેમ લેસ પુરૂષો,
ઘરમાંથી લપ ક્યારે જાય--વજન વિચારો.

૯

મરહુમ——જારે જા જા અવિચારી નાદાન,
જારે જા જા અવિચારી,
રમણચંદ્ર—જોઇ પુત્રી આ તમારી,
નહીં જોઇએ હઠીલી તમારી મહેરબાન—જા રે જા જા.
સુમતી——વિચારીને બોલો બોલ,
રમણચંદ્ર—ઉતારીશ તારો તોલ,
ફેશનમાં ફસી અંતે થવાના હેરાન.
સુમતિ——મુકો નાદ,
મરહુમ——તજ વિવાદ,
રમણચંદ્ર—છોડો હાથ હાં--જા રે જા જા.

સુરજમલ ૧૦

જોયા મેં દેશો ફરી ફરી બહુ પ્રેમથી,
નીરખ્યા મેં રાજા ક્ષત્રી પણ જોવા તૈયારીથી—જોયા મેં દેશો.
મુછ અતી મરડાવે બેઠા છાતી કાઢી ચાલે,
ભટીઆણી પણ જણાવું ત્યારે તરત નીચું ઘાલે—જોયા મેં દેશો.
હાય હાય આ હિંદ ભુમીમાં ક્ષત્રી વીર થયા નષ્ટ,
ઉત્તર શું રાજાને દેવો પામી બેઠો કષ્ટ—જોયા મેં દેશો.

ચંદ્ર ચિન્ત તુજ કીરણથી, હૃદય ચરે અકળાય;
જીવન રસ વહેતો વેગથી, ચંચળ ચિન્ત ચોરાય.
હૃદયે રાચે પીયુનો પંથ શાન્તિ સર્વે ધરેરે,
બનો પ્રેમે દીવાનાને અંધ નિર્મળ જીવન મળેરે,
ફરૂં બની જગ વિશે મસ્તાન પ્યારા પિયુ પરે રે,
પિયુ લગનીને પિયુતાંન દિલથી ન વિસરે રે.
પ્રેમ યોગને સાધવા, છે સાણી તૈયાર;
પ્રેમ સમાધી અહીં કરી, કરશ સફળ અવતાર.
વસંત રૂતુની ધુનજ લાગી કોકીના શબ્દો બોલેરે,
કામશર લઈ બળે લગાવે બાળાઓ વીરહી ડોલેરે,
સુર પ્રેમ વિયોગેથી બળતું જીવન દુઃખી ધારે રે,
પામે પામે હૃદયે જામે સ્નેહી પિયુ અકળાવે રે—વાલા મારા.

૫

ભટીઆણી—દીપાવીશ ભારતને ક્ષત્રી કુળ નેક ટેકથી,
બતાવીશ જુલ્મીને ક્ષત્રીપણું પૂરા હેતથી—દીપાવીશ.
સખીઓ—વિચારી બોલો વાણી બાળા,
ભટીઆણી—શાને પ્રગટાવો અંતરે જ્વાળા.
ભલે થાય દુઃખ ભલે જાય સુખ,
તજાવીશ અહંકાર ટેકથી—દીપાવીશ.
સખી— જરૂર હાની આ બોલોથી થાશે,
કઇક યોદ્ધાના જીવજ જાશે,
ભટીઆણી—કાયર ન થાઓ અહીંથી જાઓ,
ધરી સમશેર માલીશ હેતથી—દીપાવીશ.

સોમચંદ ૧૩

કેવી ફેશન શીશીયારી થઇ કેવી આની ખ્વારી,
પઇસા રહયા પરવારી ઘર વેચી કરી તઇયારી—કેવી ફેશ.
ફેશન એબલ ફક્કડ થઇને અકકડ ચાલે આમ,
ગો ઢેમ બિલાડી કહીને ઝાલે હાથો આમ—કેવી ફેશન.
ઇંગ્લીશ બીંગ્લીશ અગડ બગડં તગડં કરતા આમ,
ખોઈ બેઠા કઈ હીંદ વાસીઓ, આપ બાપનાં નામ—કેવી ફેશન.

ભટીઆણી ૧૪

પિતાજી આજ્ઞા આપો રે બાળા સ્વદેશે વિચરે
પુર્ણ થયો મનોભાવ પિતાજી,
સાહ્ય થયા શ્યામ ખરે—પિતાજી૦
ગાય ગરીબડી પુત્રી કહાવે,
જ્યાં દોરે ત્યાં સંચરે—પિતાજી૦
થાઓ ક્ષત્રીઓ તમ સમ જગમાં,
પુત્રી પણ પુર્ણ કરે--પિતાજી૦

રાજ્યગુરૂ ૧૫

પતિવ્રત ધર્મ, તું પાલ પુત્રી પતિવ્રત ધર્મ તું પાળજે
ઇશ તુલ્ય પતિને ગણજે, વાકય પ્રીતે સ્વીકારજે,
એજ મુખ્ય છે ધર્મ બાલા, વેદ વાકય વિચારજે.
અન્ય પુરૂષોને પિતા, ભ્રાતા દ્રષ્ટિથી વિચારજે
પ્રેમે પાળો આજ્ઞા પતિની, લેશ શંકા ન લાવજે.
કુષ્ટ વા રોગી પતી હો, ચિન્તમાં ખેદ ન લાવજે,
સેવા પ્રિતે કરજે તેની, શીક્ષા મારી સંભાળજે.

૧૫

પતિવ્રત ધર્મ પ્રતાપથી, સાવિત્રી એ છે વખાર્યાં
ક્ષીણ આયુ પતી તણું, યમ ફાંસેથી છોડાવીયા.
જુઠા જગથી તરશો બાળા, પ્રતાપે સેવા પતિ તણે
દાસ સ્વામી આવ્યો અવસર, પાળજો પ્રેમે ઘણે.

તારા ૧૬

ખીલી (૩) કળી આ પુષ્પ લતામાં ભોગી ભ્રમરને ચહાતી,
મનહર (૩) મધુર આ અમૃત રૂપી સ્વાદ લેવાને જાતી–ખીલી૦
મળશે મનનો માન્યો રસીયો પ્રાણાધાર હૃદય જે વસીયો,
શું બોલું દીલ ખોલું મળતાં જોડી મલકાતી––ખીલી૦
અધીરૂં અંતર ટળવળ થાએ વીરહ વેદના કેમ ખમાએ,
રંગ રસીઓ મન વસીઓ ભેટે મળે સુખ શાન્તિ–ખીલી૦

૧૭

કેશરીસિંહ–પ્યારી પ્રેમ રસ પાઓ વરસાવી આનંદ હેલી;
તારા———નારી નર હીતકારી ચતુર ચતુરા રસઘેલી–**પ્યારી૦**
કેશરીસીંહ–રાખો રમણી પ્રિયા સત્ય ટેક ધારી;
તારા———વારી જાઉં વાલા કીધી સુખીયારી–પ્યારી૦
કેશરીસીંહ–વારે વારે રામા, રસીક મારી;
તારા———અલબેલા પરે જાઉં વારી–પ્યારી૦

સુમતિ ૧૮

યોવન તરંગ આ ઉભરાએ વારેવા,
રસીક સલુણો આવી ભેટે સુખ થાય.
ઉર પુર ના સમાય અરે અંતર અકળાય,

દરબારીઓ ૧૧

અચળ તપો રાજ તાજ,
સાહ્ય થાઓ શ્રી મહારાજ,
શુદ્ધ ક્ષત્રી છો શુરવીર,
યુદ્ધ માંહી ધરતા ધીર,
બહાદુર હે વીર રાજ,
અમપર તપો અમર રાજ—અચળ તપો.

રમણચંદ ૧૨

કેવી છે આ જગની રચના રામ રઘુપતી રે,
અવીન નવીન પ્રજા છે આવી,
ઉનમતતામાં રહી કૈફાવી;
વૈદીક ધર્મ દીધો વીસરાવી,
અકળ ગતી કૃતી રે—કેવી છે આ.
દયા ધર્મનો નાશજ થાય,
ધર્મ તજી અનીતીમાં ધાય;
ચિન્ત સ્થીર નહીં કોઇનાં થાય,
સમજે ન મંદમતી રે—કેવી છે આ.
પ્રથમ દાખલો દાસે જોયો,
પરણેતર સસરામાં મોહયો,
ભાર મારો ત્યાં સરવે ખોયો,
રામની દુષ્ટ મતી રે—કેવી છે આ

મળે સંજોગ પ્રેમીનો ઉર આનંદ ન માય,
સર્વ શ્રેષ્ટ, ચોજ એજ, છેજ છેજ—ચોવન.

૧૯

સુમતી—આવજે રસીક આવજો પ્રીતે,
મળજો શુભ પ્રસંગે રોજ પ્રસંગે રે.
ઉપેંદ્રચંદ્ર—આવીશ નિત્યે પ્રાણથી પ્યારી,
ઝીલવા રસીલો રંગ રસીલો રંગ રે—**આવજો.**
સુમતી—વિયોગે ગાળવું તનડું બાળવું,
દીલથી દાઝવું આ આ આ પ્યારા વિના,
દીલ મારા વિના—આવજો૦
પ્રાણ પ્યારા જલદી પધારજો,
ઉપેંદ્રચંદ્ર—હૃદયેશ્વરી હેત વધારજો,
રસીક સુંદર રામા સુકોમળ,
સુમતી—આવજો લાવી ઉમંગ લાવી ઉમંગ રે—**આવજો.**

૨૦

સુમતી—રસીકજી પ્રેમીના પ્રાણ આધાર છો,
બાળુ—ચાહું છું રસીલા તને સ્નેહેથી સુંદર.
રમણી આ નેહીને પ્રેમેથી પધાવજો શા માટે જે-**રસીકજી.**
સુમતી—ચહાતીતી હું સર્વદા, **સરખી** સ્વામી જોડ;
હસ્ત ગ્રહ્યો સ્વામી તમે, પહોંચ્યા મનના કોડ.
ઉપેંદ્રચંદ્ર—ચિત્ત ચોર ચિતની લોભાવે.ના ભુલ.વોના (૨)—**રસીકજી.**

૨૧

બધા–થાઓ યસસ્વી જગ મોઝાર (૩)
ભોગવો સુખી રીતેથી સંસાર (૩)
સુમતી–પ્રીતીની રીતી અજબ અપાર,
ઉપેદ્રચંદ—મેળવી થયો છું સુખી આવાર,
મરહુમ—ધન્ય છે ધન્ય છે તમને આવાર,
બધા—પ્રત્યક્ષ દાખલો દીધો છે સાર–થાઓ.

૨૨

તારા-છોડો છોડો છેલા રસીક શીરોમણ નાહક શાને સતાવો,
કેશરીસીંહ-રસવેલી ઘેલી શાને થાઓ–છોડો છોડો.
તારા-ખુબ ઠગાણી ઠગથી બાઈ, લાલચ માંહે હું લપટાઇ;
તન મન શુધી સર્વ ભુલાઈ, કીધી રસીકવર કેવી ઠગાઇ.
કેશરીસીંહ-કામણગારી જા ધુતારી, ઘેલા બોલો મુકો વીસારી;
માનો મારી મનહર પ્યારી, દીલહરનાર સુકોમળ નારી.
તારા–આહા પ્રેમનો પંથ છે ન્યારો–છોડો છોડો.
કેશરીસીંહ-વેલી ન બન અલી પ્રેમ ઘેલી, તને ન મુકીશ આતુર વેલી.
તારા-રસીક શીરોમણ આતુર બાળાને, સ્નેહેથી ખુબ ખીલાવો–
છોડો છોડો.

૨૩

તારા—રહેશે આનંદ છવાઈ, પ્રાણ મારા,
છો દીલ હરનારા. સુંદર શામ પ્યારા.
મુરતી માધવ જોઇ રીઝું છું,
નાથનું નામ જપી જપી રહું છું,

મળજો રસીક માગ—રહેશે૦

કેસરીસીંહ—ભેટીશ ભામની, સુંદર કામની,
મળીશું માનુની, જામશે જામની,
પ્રેમી પદમણી વાહ,

તારા—છો ઠગારા—રહેશે.

ભટીઆણિ ૨૪

જાગો જીવન આધાર,
વાલા પ્રેમીના પ્રાણાધાર.
ચિત્તહર ચતુર શણગાર—જાગો.
રસમાં રમાડો આવાર,
પ્રેમરસ પાઇને.
રસીક સલુણા સરદાર—જાગો.

૨૫

વીજયસીંહ—ચાલો ચાલો ચતુરા સુજાણ,

ભટીઆણી—જાઓજી (૩)

મારો શું મોહનીનાં બાણ રસીક પ્યારા—ચાલો૦

વીજયસીંહ—રંગે રમાડો રજની પ્યારી,
મધુરી રસીકા ગુણવાન,
પ્રેમ પાસમાં પુર્ણ ફસ્યો છું,

ભટીઆણિ—ભુલી હું તન મન ભાન,
શામ મારા સૂખ ધામ,
ભેટો પુરણ કામ—ચાલો ચાલો.

વિજયસીંહ ૨૬

હાંરે હાં હાંરે હાં કરૂં હું ખુવારી,
હરાવું પાપી પળમાં
વિષય અંધને નવ કંઈ સુઝે,
નહીં ડરતા પછી મરતા,
મુકી ધીરતા પળપળમાં– હાં હાં હાં હાંરે હાં૦
શુરવીરતાથી સર્વે છોડાવું,
શુરવીરતા નરવીરતા,
ધરી ધીરતા કળ બળમાં–હાં હાં હાં હાંરે હાં.

૨૭

મહાજન—ધર્મે નિરૂપજ પગલું ભર્યું,
કુળમાં ખાંપણ કેવું કર્યું,
કુળ દીપકે પાણી ફેરવીયું,
નામ મરહુમ સાહેબ ધર્યું,
નાતબાર નાતબાર,
મુકો એને નાતબાર.

મરહુમ—મુરખના સરદાર, નથી મને દરકાર;
નીકળો ઘરની બહાર, નહીતો ખાશો માર.

મહાજન—નાતબાર નાતબાર,
મુકો એને નાતબાર.

૨૮

રમણચંદ—આવો વેશી નવેશીજી
હું ચાતક પ્રેમે તમારોજી

૨૮

સુમતિ—મેરો રમીકવર પ્યારાજી,
છે ઓશીંગન દીન દાતાજી—આવો.
રમણુચંદ્ર—વારેવા છબીના સુંદર નારી,
બોલ મધુરા શા તારાજી,
સુમતી—રસીક રંગ ચાહું પ્રેમ સંગી પ્યારા,
ચંદ્ર કુમુદને વાલાજી—આવો.

ભટીઆણિ— ૨૯

પતી વિણુ ઉઠેછે આગ,
સ્વપ્ન સતાવે કાંઈ બતાવે,
કેમ મળે શીરતાજ—પતીવિણુ૦
તન મન મારૂં અતીશે મુંઝાયે,
લાય થાયે અતી અંતર અકળાયે,
દીલમાં થાયેછે દાઝ—પતીવિણુ.

કલાજી ૩૦

લાય ઉઠી આ પત્ર વાંચતા,
મારૂં મારૂં કરૂં કેર વરતાવું કાળો કેર—લાય ઉઠી.
ક્ષત્રી બાળોથી નહીં જૂલ્મ વેઠાયે,
જોઉંછું પાપી એ કયાં જાયે-લાય ઉઠી.

૩૧

તારા—છોડી જાઓ કયાં પીયુજી પ્યારા,
રહેશે પ્રિયા દુઃખ માની.

૩૧

કેશરીસીંહ—શાને વદો વચન એ બાળા,
ભુલું નહીં દીલજાની–છોડી જાઓ૦
રસાલી રામા ઇ ન જાઓ,
રંગીલી રસીકા મનાઓ,
ચાહુ પ્રેમે ચતુર ચીત મારા,
રહેશે પ્રિયા દુઃખ માની–છોડી જાઓ૦

તારા—જો પ્રેમ અતુ લીત દાખો,
રામાને સંગે રાખો,
હૈયાહાર દીલ હરનારા,
રહેશે પ્રિયા દુઃખ માની–છોડી જાઓ.

૩૨

હીરાબાણી—દુર જા દુર જા દુષ્ટાચારી વિચારી,
જુલ્મી મુર્ખાદે હેવાની દુરાચારી,
દુર દુર વ્યભીચારી દુર થા,
હરામી હરામા શીદ દુઃખમાં પડેછે તું,
જીવ અવિચારે જાશે દુર થા દીવાના તું,

ઔરંગજેબ-મત બોલો ઐસા બ્યા દિવાની,

હીરાબાણિ—જા જા તું પાપી રાખે શું ગુમાની,
દુર દુર વ્યભીચારી દુર થા–દુર જા દુર જા.

૩૩

હીરાબાણિ

અવિનાશી તમ દાસી, છે આ દાવાનળમાં,
છે આ દાવાનળમાં, છે આ દાવાનળમાં.

૩૩

આવતા હું માગું તારી, વારે ચડો બસી ધારી;
બાળાને આવી ઉગારો, નાથ ઘડી પળમાં-અવિનાશી.
સુદામાની વારે ધાયા, દ્રૌપદીનાં ચીર વધાર્યાં;
સતીનું સતીત્વ બચાવો, ચક્ર ધારી કરમાં-અવિનાશી.

ભટીઆણી ૩૪

દાસી આ આવી ઉગારોરે, સુખના સીંધુ;
દાસી આ આવી ઉગારો.
સતીનું શીયળ જાશે, હાંસી તમારી થાશે;
આધાર વિઠલ વર તારોરે, સુખના સીંધુ-દાસી આ૦
મદાંધ છે દૂષ્ટ આ રાજા, મુકેછે સૌની માજા;
વારે ચડી કષ્ટો વિદારોરે, સુખના સીંધુ-દાસી આ.
અત્યાચારે પગલું ભરશે, બાળા વિણુ મોતે મરશે;
વિશ્વંભર વેલેરા પધારોરે-સુખના સીંધુ-દાસી આ.

૩૫

ભટીઆણિ-છોડદે છોડદે નીચકામી,
કાળુખાં-માનીજા માનીજા રસીલી તું,
ભટીઆણી-દુષ્ટ શાને શરમાના જા જા મસ્તાના,
કાળુખાં-આવ આવ ભેટ રાણી,
તજ ગુમાની દીવાની હે-છોડીદે૦
ભેટ ભેટ પ્યારા જાના,
ભટીઆણિ-જા જા દીવાના,
કાળુખાં-વાત માની જા તું મારી,
ભટીઆણિ-કેવી ગુમાની પાપી છે— છોડીદે.

૩૬

ભટીઆણિ—હમેંશા પિયુને આશરું,
ઘણા વાલો પ્રેમાને બતાવું,
જીત મેળવી મુઠીભર સૈન્ય થકી,
કાઢી ગઢ બહાર કલાએ અકડી,
નહીં મુગલ સૈન્ય જરા ફાવ્યું—હમેંશા૦

દાસી—શુભ નીતિ રીતી તમે પાળી,
દીધું ક્ષત્રિય કુળ અજવાળી,
આહ પદ દુષ્ટેનું તગાવ્યું—હમેંશા.

૩૭

ભટીઆણી—વાલા મારા પ્રેમી પ્રાણ પ્યારી,
વિજયસીંહ—ક્ષત્રી હોય શાને ઉગારે શું વાર,
ભટીઆણિ—દુઃખમાંથી શુરવીર ઉગારી,
વીજયસીંહ—ધર્મ બજાવ્યો વચન સંભારી,
ભટીઆણી—વારી વારી જાઉ રણધીર—વાલા૦
થાય ક્ષત્રીઓ હીંદમાં, બહાદુર ને ગુણવાન;
નામ ન લે કો દુઃખથી, ભલે હોય બળવાન,
સ્નેહે સમપી રહેવું સદા શુરવીર—વાલા.

૩૮

તારા—થઇ આનંદની હેલી રસવેલી પ્રસરેલી,
પ્રભુ બેલી થયા આજે,
કેશરીસીંહ—સુ વચનો આ તારાં બહુ પ્યારાં સુણી સારાં,
આ અંતરે બીરાજે—થઇ આનંદની૦

તારા—વિરહ પીડા ગઇ સઘળી મારી,
કેશરીસીંહ—વાહ શીરોમણ પ્રેમી નારી,
તારા—પ્રેમી પધારો વાલમ વાલ વધારે—**થઈ આનંદની.**
કેશરીસીંહ—પ્રેમી વિયોગે નહીં રહેવાયે,
દૂર પ્રિયાથી નહીં જવાયે,
તારા—ધુતારા ઠગારા શું બોલું મુખથી મારા-**થઇ આનંદની.**

બધા ૩૯

શ્રી જગનાથ સ્વામી, સહાય થાઓ સર્વને;
સતીનું સતીત્વ રાખ્યું, વચન ક્ષત્રીઓનું સ્થાપ્યું;
તીવ્ર વૃતીથી પ્રભુ, ઉગાર્યા સર્વને—શ્રી જગનાથ.
ભરમ મરમ નાખો નાથ, ઈશ દીઓ શીશ હાથ;
ટીખળીનો ઉતાર્યો ગર્વ, બચાવ્યા ધારી ધર્મને—**શ્રી જગનાથ.**
આણી મેર દીનાનાથ, ઊગારો ગૃહીને હાથ;
ઇશ્વર અર્જ ઉર ધારી, સહાય થાઓ સર્વને—**શ્રી જગનાથ.**

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સમાપ્ત.